અપીલ અરજી નં.૧૬૮ તા.૩૧–૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૦–૭–૦૯ ની અરજીથી (૧)પ્લોટ નં.૧૦/૮ રોડ નં.૩ ઉદ્યોગનગર, ઉધના–સુરત (૨) ન્યુ. જે.પી. ફુટવેરની બાજુમાં તેમજ ઉપર, ઉધના ત્રણ રસ્તા ઉધના ઉડ્ડીપી હોટલની સામે ત્રણ થી ચાર માળનું બાંધકામ ચાલુ છે સદર બન્ને બાંધકામમાં વિકાસ પરવાનગી આપેલ છે કે નહીં ?તે જણાવવા તેમજ પરવાનગી કરતા વધારે અથવા પરવાનગી વગર બાંધકામ કરવામાં આવેલ હોય તો યોગ્ય કાર્યવાહી કયારે કરેલ છે? અથવા કયારે કરવામાં આવશે વિગેરેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૩૧–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૬૮/૨૦૦૯–૧૦

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૦–૭–૦૯ ની અરજીથી (૧)પ્લોટ નં.૧૦/૮ રોડ નં.૩ ઉદ્યોગનગર, ઉધના–સુરત (૨) ન્યુ. જે.પી. ફુટવેરની બાજુમાં તેમજ ઉપર, ઉધના ત્રણ રસ્તા ઉધના ઉડ્ડીપી હોટલની સામે ત્રણ થી ચાર માળનું બાંધકામ ચાલુ છે સદર બન્ને બાંધકામમાં વિકાસ પરવાનગી આપેલ છે કે નહી? તે જણાવવા તેમજ પરવાનગી કરતા વધારે અથવા પરવાનગી વગર બાંધકામ કરવામાં આવેલ હોય તો યોગ્ય કાર્યવાહી કયારે કરેલ છે? અથવા કયારે કરવામાં આવશે વિગેરેની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર ન મળવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૧–૮–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૧૮ તા.૮–૯–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૩૮૨૯ તા.૨૩–૯–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજી તથા સા.ઝોન/ટેક./આ.નં.૨૭૫૯ તા.૧–૮–૦૯ ના રોજ અરજદારને પૂરી પાડેલ માહિતીની નકલ અત્રે રજૂ કરેલ છે.

અરજદારની આઈ ડી. નં.૨૧૪/૬૦૦ તા.૨૦–૭–૦૯ ની અરજીથી (૧)પ્લોટ નં.૧૦/૮ રોડ નં.૩ ઉદ્યોગનગર, ઉધના–સુરત (૨) ન્યુ. જે.પી. ફુટવેર ની બાજુમાં તેમજ ઉપર, ઉધના ત્રણ રસ્તા ઉધના ઉડ્ડીપી હોટલની સામે ત્રણ થી ચાર ગાળાનું બાંધકામ ચાલુ છે સદર બન્ને બાંધકામમાં વિકાસ પરવાનગી આપેલ છે કે નહીં તે જણાવવા તેમજ પરવાનગી કરતા વધારે અથવા પરવાનગી વગર બાંધકામ કરવામાં આવેલ હોય તો યોગ્ય કાર્યવાહી કયારે કરેલ છે? અથવા કયારે કરવામાં આવશે તેની માહિતી આપવા બાબતની માંગણી કરવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારને પત્ર ક્રમાંક સા.ઝોન/ ટેક./ આ.નં.૨૭૫૯ તા.૧–૮–૦૯ થી અરજીમાં જણાવેલ પ્રશ્નવાળી મિલ્કતમાં કોઈ પરવાનગી આપવામાં આવેલ નથી તેવું જાહેર માહિતી અધિકારી તરફથી જણાવવામાં આવેલ છે. અરજદારે તેમની તા.૩૧–૮–૦૯ ની અરજીથી કોઈ માહિતી મળેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. આમ અરજદારની મુળ અરજીમાં જણાવેલ નિર્દિષ્ટ મિલ્કતની પરવાનગી બાબતેની માહિતી અરજદારને નહી મળ્યાનું ફલિત થાય છે.

અરજદારે અન્ય વિગતોમાં મુળ અરજીમાં મુદ્દા નં.૧ થી બાંધકામ ચાલુ વર્ષમાં થયેલ છે. (૨) બાંધકામ ચાલુ છે તથા ગાળા અને માળનું તેવી વિગતો જણાવેલ છે. જે વિધાન સ્વરૂપે છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ઉપલબ્ધ દફતરી માહિતી પૂરી પાડવામાં આવેલ હોય અપીલ બાબતે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદારને માહિતી નહીં મળી હોવાની રજૂઆતને અનુલક્ષી તેની નકલ પુનઃ અરજદારને મોકલી અત્રે જાણ કરવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવેલ છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯ – ૦૯

***ડે.કમિશ્નર(જન.)***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન).... જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ